
# ગુજરાતી વિભાગ

# વર્ષ 2022-23

| | | |
|---|---|---|
| **જુન** | | |
| કોલેજ શરૂ | 15 /06 /2022 | |
| વિશ્વ યોગ દિવસ | 21/06/2022 | |
| **જુલાઈ** | | |
| આદિવાસી વિકાસ પરિષદ મુલાકાત મૂલ્યાંકન | | 02/07/2022 |
| ગુરુપૂર્ણિમા. | | 13/07/2022 |
| E-FIR મહીસાગર પોલીસ સાથે. | | 27/07/2022 |
| **ઓગસ્ટ** | | |
| હાજરા  હજૂર વાચિકમ | | 08/08/2022 |
| વિશ્વ આદિવાસી દિવસ | | 10/08/2022 |
| શ્રાવણનોત્સવ | | 26/08/2022 |
| **સપ્ટેમ્બર** | | |
| સ્વયં શિક્ષક દિવસ | | 05/09/2022 |
| બ્રિજ કોર્ષ | | 06/09/2022 |
| હિન્દી સપ્તાહ<br>• સુલેખન સ્પર્ધા<br>• વાંચન સ્પર્ધા | | 07/09/2022<br><br>08/09/2022 |
| અધ્યાપક સજ્જતા શિબિર | | 08/09/2022 |
| ગુજરાતી વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન | | 13/09/2022 |
| **ઓક્ટોબર** | | |
| રાસ ગરબા કોલેજ દ્વારા | | 08/10/2022 |
| **નવેમ્બર** | | |
| વાલી મીટીંગ/ ભૂતપૂર્વ વિદ્યાર્થી | | 25/11/2022 |
| ચિત્ર અને સાહિત્ય વાર્તાલાપ વર્કશોપ | | 28/11/2022 |
| | | |

| | |
|---|---|
| **ડિસેમ્બર** | |
| ગીતા જયંતિ વક્તા ડો. શંકર પ્રજાપતિ, પ્રો. આર. એમ. શેખ. | 03/12/2022 |
| ભૂતપૂર્વ વિધાર્થી અને શિક્ષણ શિક્ષણમંત્રી અભિવાદ | 18/12/2022 |
| **જાન્યુઆરી** | |
| શૈક્ષણિક પ્રવાસ | 08/01/2023 |
| સ્વામી વિવેકાનંદ | 12/01/2023 |
| કવિ સંમેલન | 23/01/2023 |
| રાજેન્દ્ર શાહ જન્મ જયંતિ | 28/01/2023 |
| ગાંધી નિર્વાણ દિન | 30/01/2023 |
| **ફેબ્રુઆરી** | |
| મળી માતૃભાષા અને ગુજરાતી પ્રવિણ દરજી પરિસદ દ્વારા | 21/02/2023 |
| ગુજરાતી વિભાગ દ્વારા લાયબ્રેરીની મુલાકાત | 28/02/2023 |
| **માર્ચ** | |
| હોળી ઉત્સવ | 03/03/2023 |
| યુનિટ ટેસ્ટ | 24/03/2023 |
| NSS કેમ્પ સમાપન ડો. પ્રવિણ દરજી | 26/03/2023 |
| | |


IQAC
Gujarat Adiwasi Vikas Parishad, Dahod Managed
ADIWASI ARTS & COMMERCE COLLEGE
Santrampur, Dist. Mahisagar.
Department Of GUJARATI
[redacted]

## DATA:-15 /06/2022 (કોલેજ શરૂ)

આજરોજ આદિવાસી આર્ટસ&કોમર્સ કોલેજ માં લાંબા ઉનાળુવેકેશન બાદ વિદ્યાર્થીઓના વર્ગ વ્યાખ્યાન શરૂ કરવામાં આવ્યા વિદ્યાર્થીઓએલાંબી નિવૃત્તિ બાદ ઉત્સાહ પર ભાગ લઈપોતાનું અધ્યયન કાર્ય શરૂ કર્યું.





## DATE:-21/06/2022(વિશ્વ યોગદિવસ)




ભારતે વિશ્વને યોગની અમૂલ્ય ભેટ આપી છે નવા 17 ની શરૂઆત કરતા પહેલા શારીરિક માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે આજરોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

સતતત્રણ દિવસ આયોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું, જેમાં આદિવાસી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના ગ્રંથપાલ દિવ્યાબેન દરજી દ્વારા યોગ કસરતો, વ્યાયામ તથા પ્રણયામો વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યા.

## DATE:-02/07/2022(આદિવાસી વિકાસ પરિષદ મુલાકાત મૂલ્યાંકન)















ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ અંતર્ગત આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓનો દર વર્ષે શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવેલ. તારીખ 27 જુલાઈ 2022 ના રોજ અત્રેની કોલેજમાં વિભાગ વાઈઝ મૂલ્યાંકન કરવામાં આવ્યું, મોટાભાગના પેપરોમાં 85% થી વધુ રીઝલ્ટ હતું નબળા વિદ્યાર્થીઓ માટે સૂચન કર્યા તે આવકાર્યા.

# DATE:-13/07/2022 (ગુરુ પૂર્ણિમા ની ઉજવણી)

- આજ રોજ મહર્ષિ વેદવ્યાસ ની જન્મ જયંતીકે જેને સમસ્ત વિશ્વમાં ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવામાં










આવે છે, તેને ગુજરાતી વિભાગના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવવામાં આવી.

- ગુરુપૂર્ણિમા પર ગુજરાતી વિભાગના વડા એવા ડોક્ટર શંકર પ્રજાપતિ અને પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબ નું પૂજન દ્વારા ઉજવવામાં આવ્યો.
- **S.Y.B.A** ના વિદ્યાર્થી ડામોર રાઘવભાઈએ ગુરુપૂર્ણિમા વિશે પોતાના જીવનમાં ગુરુના મહત્વ વિશે વાત કરી.
- **T.Y.B.A** ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી આધુનિકતા થી કેક કટિંગ દ્વારા કરવામાં આવી.

- પ્રોફેસરપંડ્યાસાહેબેવિદ્યાર્થીઓનેપોતાનાશુભઆશિષોતથાવિદ્યાર્થીઓનાઉજ્વળભવિષ્યમાટેશુભેચ્છાઓ પાઠવી..

## DATE:-27/07/2022

# (E-FIRવિશેમાહિતીમહીસાગર પોલીસ સાથે)

અત્રેની કોલેજમાં મહીસાગર જિલ્લા પોલીસ મથક થી રેન્જ આઈ.જી એસપી ડીએસપી કક્ષાના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને E-FIR વ્યાખ્યાન અને PPT દ્વારા સમજ આપી હતીઅનેએપ ડાઉનલોડ કરાવી હતી. લગભગ 300 જેટલા વિદ્યાર્થીઓએ હાજર રહ્યાં.

## DATE:-08/08/2022

# (હાજરાહજૂર એકાંકી નું વાચિકમ)

આજરોજ ગુજરાતી વિભાગ ના S.Y.B.A ના વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી ડો.અભય પરમાર સાહેબનીઉપસ્થિતમાંપોતાનાઅભ્યાસક્રમાં ઉપસ્થિત એવાં ગ્રંથકાર ચિનુ મોદી નું એકાંકી હાજરાહજૂર નું વાચિકમભજવ્યું. પ્રોફેસર પંડ્યા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને નાટક તથા એકાંકીમાં આવતા લય,અવરોધ તથા કલ્પન અને પ્રતિકો વિશે માહિતી આપી.



# DATE:-10/08/2022

## (વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી)

## (આઝાદી કા અમૃત મહોત્સવ)















આજ રોજ અત્રે ની કોલેજમાં વિશ્વઆદિવાસી દિવસની ઉજવણીક રવામાં આવી સાતો સાત ભારતના આઝાદીના 75 વર્ષ પૂર્ણ થયા તેથી આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રાજ્યકક્ષા ના મંત્રી એવા ડોક્ટર કુબેર ભાઈ ડીંડોર તથા આદિવાસી વિકાસ પરિષદ દાહોદ ના અધ્યક્ષ વનરાજ સિંહ ડામોર એ ઉપસ્થિતિ આપી.

વિદ્યાર્થીઓ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે રંગોળી, ચિત્ર, પોસ્ટર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી. NCC ના વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા રેલી નીકળવામાં આવી.

# DATE:-08/08/2022 (શ્રાવણઉત્સવ)

આજરોજ ગુજરાતીવિભાગ દ્વારાશ્રાવણ ઉત્સવ ઉજવવામાં આવ્યો, શ્રાવણમહિનો એટલે ભક્તિ અને પવિત્રમાસ તરીકે માનવામાં આવેછે, આ શ્રાવણ ઉત્સવમાં સંગીતમાં ભજનો અને ગીતોનો મહિમા ખૂબ હોય છે.

તેથી અત્રે ની કોલેજમાં શ્રાવણઉત્સવ નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો.









જેમા વિદ્યાર્થીઓ એ તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ સાહેબ અને પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબ દ્વારા ગુજરાતી લોકસાહિત્ય ના કાવ્યોનું તથા ગઝલોનું પઠન કર્યું.

# DATE:- 5/09/2022 (શિક્ષક દિવસની ઉજવણી)

આજ રોજ અત્રે ની કોલેજમાં સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી.ડો.સર્વપલ્લીરાધાકૃષ્ણનીયાદમાંશિક્ષકદિવસનીઉજવણીકરવામાંઆવી.








- વિદ્યાર્થીઓમાં  અધ્યાપન ની જે ક્ષમતા છે,  તેને આજના રોજ ઉત્સાહ ભર પ્રદર્શન કરવામાં આવી.
- 
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રિન્સિપાલ,  વાઈસ પ્રિન્સિપાલ,  અધ્યાપકો,  ક્લાર્ક તથા સેવક ગણો ની ભૂમિકા ભજવવામાં આવી.
- ગુજરાતી વિભાગ ના વિદ્યાર્થીઓમાંથી યોગેશ ડબગર મિતલ,  અંજલી બેન તથા ખુશ્બુ બેન એ ગુજરાતીના અધ્યાપક તરીકેની ભૂમિકા નિભાવી.
- ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસ પર સરસ સહકાર આપી,  અધ્યયન કરી શિક્ષક દિવસને સફળ બનાવ્યો.
- ગુજરાતી વિભાગના અધ્યક્ષ
- ડો.શંકર પ્રજાપતિ અને પ્રોફેસર પંડ્યા સાહેબે વિદ્યાર્થીઓને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી.

# DATE:-06/09/2022(બ્રિજ કોર્ષ)

આજરોજ અત્રેની કોલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને તેમના સમગ્ર વર્ષના અભ્યાસક્રમ વિશે, તથા ગુજરાતીભાષા નું સામાન્ય જ્ઞાન,ભાષા કૌશલ માટે નો ટેસ્ટ લેવામાં આવ્યો.

પ્રોફેસર નીતિન પંડ્યા એ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાનું મહત્વ અને વિશેષતાઓ સમજાવી.








Bridge Course - 2022
Semester 1 (Gujarati)
Date : 6/sept/2022

# DATE:-07/09/2022 હિન્દી સપ્તાહ (સુલેખન સ્પર્ધા)

**આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા હિન્દી સપ્તાહ ના નિમિત્તે સુલેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું.**






ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ અને પ્રોફેસર નીતિન પંડ્યા ની પ્રેરણાથી, વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્ય, શબ્દ જોડણી તથા વિવિધ વિરામચિન્હોનો ઉપયોગ અલ્પવિરામ(,) પૂર્ણવિરામ(.) ગુરુવિરામ(;) મહા વિરામ(:) ઉદગાર(!) પ્રશ્નાર્થ(?) વગેરે ચિન્હોનો ઉપયોગ તથા તેની સમજ વિદ્યાર્થીઓમાં આવે, તે માટે સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતી વિભાગના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ એ ઉત્સાહસભર ભાગ લીધો.

## DATE:-08/09/2022 હિન્દી સપ્તાહ (વાંચન સ્પર્ધા)

આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા હિન્દી સપ્તાહ નિમિત્તે વાંચન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં વાંચન કૌશલ્ય વધે, તે માટે તથા વિવિધ વાક્યો માં આરોહ, અવરોહ અવાજ નો વધારો અને ઘટાડા ની સમાજ વિદ્યાર્થીઓ માં આવે, તે હેતુથી પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબ ની પ્રેરણાથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહસભર ભાગ લઈ પોતાનું વાંચન કૌશલ્ય નું પ્રદર્શન કર્યું.












# DATE:-08/09/2022

# (ગુજરતી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ભેટ)

આજરોજ ગુજરાતી વિભાગના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના પ્રિય એવા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ અને પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબનેયાદગીરી રૂપ એક સુંદર **surprice** ભેટ આપવામાં આવી.જેમાં પંડ્યા સાહેબ માલિની મેડમ તથા શંકર સાહેબ અનેતેમનાધર્મપત્ની નીસુન્દર ચલચિત્રનીભેટઆપવામાંઆવી.

પડ્યાં સાહેબશંકરસાહેબતથામાળીની મેડમએ વિદ્યાર્થીઓનોહર્દયથીઆભારવ્યકત કર્યો.










# DATE:-08/09/2022

# (અધ્યાપક સજ્જતા શિબિરસહિત્યમિમાંસા)

તારીખ 8 સપ્ટેમ્બર 2022 ગુરુવારના દિવસે આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર અને ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્યમીમાંસા' વિષય પર અધ્યાપક સજ્જતા શિબિરનું આયોજન થયું. કોલેજના આચાર્ય ડૉ. અભય પરમાર ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને મંત્રી ડૉ.પ્રજાપતિ,

પ્રા.નીતિનભાઈ પંડ્યા ના સહયોગથી સંઘના પ્રમુખ ડૉ.ભરત મહેતાએ સાહિત્ય મીમાંસા વિશે કૃતિઓના સંદર્ભ



ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર
અને
ગુજરાતીનો અધ્યાપક સંઘ

"અધ્યાપક સજ્જતા શિબિર : સાહિત્યમીમાંસા"

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ________________ ના પ્રા./વિદ્યાર્થી/સંશોધનાર્થી /શ્રી/શ્રીમતી ________________ એ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર અને ગુજરાતીનો અધ્યાપક સંઘ દ્વારા તા.૦૮ સપ્ટેમ્બર ૨૦૨૨ને ગુરૂવારના દિવસે યોજાયેલ 'અધ્યાપક સજ્જતા શિબિર : સાહિત્યમીમાંસા' માં વક્તા / ચર્ચક / સહભાગી / સંશોધનાર્થી તરીકે સક્રિય ભાગ લીધો છે. તેમણે ________________ વિષય પર વક્તવ્ય /શોધપત્ર આપ્યું હતું.

સાહિત્ય - કળાની પ્રવૃત્તિઓમાં તેઓનું યોગદાન ઉત્તરોત્તર વધે એવી શુભેચ્છા .

| ડૉ.શંકરભાઈ પ્રજાપતિ | ડૉ.ભરત મહેતા | ડૉ.અભય પરમાર |
| --- | --- | --- |
| મંત્રી | પ્રમુખ | પ્રિન્સિપાલ |
| ગુજરાતીનો અધ્યાપક સંઘ | ગુજરાતીનો અધ્યાપક સંઘ | આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર |

જા.નં./ /૨૦૨૨
તારીખ :-૦૮/૦૯/૨૦૨૨

સાથે બીજરૂપ વક્તવ્ય રજૂ કર્યુ. આણંદ કોલેજના આચાર્યશ્રી ડૉ.મનોજ પટેલ 'વક્રોક્તિ વિચાર'

, ડૉ. ગુણવંતી વ્યાસે ' રસવિચાર 'વિશે ભારતીય સાહિત્ય મીમાંસા ની ચર્ચા કરી. ડૉ. સંજય ચોટલીયા એ સુંચાલુ સંચાલન કર્યું.

ઉદ્ઘાટન અને પ્રથમ બેઠક બાદ દ્વિતીય બેઠકમાં અંગ્રેજીના અધ્યાપક ડોક્ટર સુરેશ ગઢવી એમ ટી એસ પર દ્રષ્ટાંત સહિત રસાલ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું. નિવૃત અંગ્રેજીના અધ્યાપક ડોક્ટર આર કે માંડલિયા એ આનોલ્ડ પર ધારદાર શૈલી માં રજૂઆત કરી. બંને સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી પ્રતિભાવો રજૂ થયા. સમાપન બેઠકમાં સંસ્કૃતના અધ્યાપક પ્રિન્સિપાલ ડોક્ટર મહેશ મહેતાએ કાર્યને બિરદાવ્યું. કાર્યક્રમમાં લુણાવાડા,ઝાલોદ, માણસા, મુનપુર,માલવણ,દાહોદ કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંશોધકોએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને

સફળ બનાવ્યો. સંઘનો અહેવાલ મંત્રી શંકરભાઈ પ્રજાપતિએ આપ્યો. ડોક્ટર કામિની દશોરા,ડોક્ટર માલીની ગૌતમ અને પ્રોફેસર નીતિન પંડ્યા એ સુચાલુ સંચાલન કર્યું.






સજ્જતા શિબિરઃ સાહિત્યમીમાંસા
પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર


અધ્યાપક સજ્જતા શિબિરઃ સાહિત્યમીમાંસા
તારીખઃ ૦૮/૦૯/૨૦૨૨ - ગુરુવાર
પ્રો. ડૉ. કુબેરભાઈ ડીંડોર
ડૉ. નિરંજન પટેલ
A.D.I./A/C-
આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત

## DATE:-13/09/2022

# (ગુજરાતી વિભાગ દ્વારા સ્વચ્છતા અભિયાન)

આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા પ્રોફેસર પંડ્યા સાહેબની પ્રેરણાથી વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન ની કામગીરી કરવામાં આવી. ચોમાસા દરમિયાન કેમ્પસમાં તથા કોલેજના નીચેના ગાર્ડનમાં જૂજ પ્રમાણમાં વનસ્પતિ ઊગી નીકળવાથી, ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તે વનસ્પતિ નો નિકાલ કરે તથા પ્લાસ્ટિક ની કોથળીઓ દૂર કરી કોલેજ કેમ્પસને સ્વચ્છ કર્યુ. પ્રોફેસર પંડ્યા સાહેબ એ પણ વિદ્યાર્થીઓ સાથે મળીને, સ્વચ્છતા અભિયાનમાં મોખરી કામગીરી નીભાવી.







KBZ




## DATE:-08/10/2022(રાસ ગરબા)

આજરોજ અત્રેની કોલેજમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગરબા સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું જેમાં જગદંબાની આરતી બાદ સૌ વિદ્યાર્થીઓએ ગરબામાં ભાગ લઈ નવરાત્રી પર્વને ખૂબ ઉત્સાહથી ઉજવ્યો. જેમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ એવા ડોક્ટર શંકર પ્રજાપતિ સાહેબે આ પ્રતિયોગિતા માં નિર્ણાયકો તરીકેની ફરજ અદા કરી, અને વિદ્યાર્થીઓને એક થી ત્રણ નંબરના વિજેતાઓ ની નિયુક્તિમાં સહકાર આપ્યો.

## DATE:-25/11/2022





# (વાલી મીટીંગ, ભૂતપૂર્વ વિદ્યાર્થી)

આજરોજ અત્રે ની કોલેજમાં વિદ્યાર્થીઓના સૂચન તથા તેમના ઉજવળ ભવિષ્ય માટે વાલી મીટીંગ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ની મીટીંગ યોજવામાં આવી, જેમાં ગુજરાતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એ હાજરી આપી, પોતાના શૈક્ષણિકતા ના અનુભવો તથા પોતાના અનુજ એવા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત લીધી.

વાલી મિટિંગમાં આપણી કોલેજ ગ્રંથપાલ દિવ્યાબેન દરજી ના પિતાશ્રી ને વાલી મીટીંગ ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.








DATE:-28/10/2022

# (ચિત્ર અને સાહિત્ય વાર્તાલાપ વર્કશોપ)

.    આજ રોજ અત્રેની કોલેજમાં ચિત્ર અને સાહિત્ય વાર્તાલાપ વર્કશોપ યોજવામાં આવ્યો. જેમાં ઉદ્‌ઘાટનના દિવસે ગુજરાતી સાહિત્યના અધ્યક્ષ એવા ડોક્ટર શંકર પ્રજાપતિ સાહેબ દ્વારા ચિત્ર અને સાહિત્ય વિશે વિદ્યાર્થીઓને ઊંડી સમજ તથા માહિતી આપવામાં આવી. સાહિત્ય અને ચિત્રના સબંધ તથા સાહિત્યકાર ગુલાબ મહંમદ શેખ ના ચિત્ર વિશે ખૂબ જ રુચિકર માહિતી આપવામાં આવી.

સાથોસાથ ત્રણ દિવસની આંતર કોલેજ ચિત્ર સ્પર્ધા નું આયોજન થયું, જેમાં ગુજરાતના નામાંકિત એવા મહિસાગર જિલ્લાના બીપીન ભાઈ પટેલ, તથા તેમના સાથે મિત્ર, સુરત ના રહેવાસી જય ગોહિલ એ વિદ્યાર્થીઓને ચિત્રકલા, વિશેની માહિતી આપી, તથા પોતાની ચિત્રકલા નું અદભુત પ્રદર્શન બતાવ્યું.




INTER COLLEGE
PAINTING WORKSHOP













INAUGRATOR
Shri. Vanrajsinh Damor
President - Adivasi Vikas Parishad, Dahod.
The Principal
Dr. Abhay Parmar

# DATE:-03/02/2022(ગીતા જયંતી)

માગશર માસની શુક્લ પક્ષની મોક્ષદા એકાદશી એટલે ભારતીય સંસ્કૃતિની ધરોહર તથા સર્વ પુસ્તકોમાં શ્રેષ્ઠ, સર્વસ્ત્રોમાં શ્રેષ્ઠ, સર્વ દર્શનો માં ઉત્તમ અને સર્વ ગ્રંથોમાં અગ્રણીઓ એવી શ્રીમદ્ ભગવદ ગીતા ની જયંતી.

અત્રેની કોલેજમાં ગુજરાતી વિભાગ તથા સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી. ગીતા જયંતી નિમિત્તે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ સાહેબે શ્રીમદ્ ભગવત ગીતા મહાત્મય વિશે વાત કરી.




સંસ્કૃત વિભાગના અધ્યક્ષ એવા આર. એમ. શેખ સાહેબ એ શ્રીમદ ભગવદગીતા વિશે શ્રીમદ્ ભગવત ગીતાનું જ્ઞાન,તેનો ભક્તિ, યોગ કર્મયોગ, સાંખ્ય યોગ અને આધ્યાત્મ વિશે વિસ્તારથી વિદ્યાર્થીઓને સમજાવ્યા.

પ્રોફેસર નીતિન પંડ્યાએ વિદ્યાર્થીઓદ્વારા ગીતા જયંતી પર શ્રીમદ્ ભગવત ગીતાનો 15 મો અધ્યાય નો પાઠ કર્યો.

આ ગીતા જયંતી પર પ્રોફેસર નીતિન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને શ્રીમદ્ ભગવદ્ ગીતા ની ભેટ પણ આપવામાં આવી.


આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર
સંસ્કૃત વિભાગ
ગીતાજયંતી
તા.- ત્રણ - બાર - બેહજારબાવીસ
શનિવાર

# DATE:-18/12/2022

## (ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષણ મંત્રી નું અભિવાદન)

આજરોજ અત્રેની કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષણ મંત્રી શ્રી એવા ડોક્ટર કુબેરભાઈ ડીંડોર નો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો.

તેમણે પોતાના જીવનમાં અથાગ પરિશ્રમથી મેળવેલી સફળતાને વધારવા માટે અત્રેની કોલેજ દ્વારા રાજ્યકક્ષાના મંત્રી એવા કુબેરભાઈ ડિંડોર નું લોકનૃત્ય તથા ભવ્ય રંગારંગ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ગુજરાત સંચાલિત આદિવાસી વિકાસ પરિષદ દાહોદના અધ્યક્ષ એવા વનરાજસિંહ ડામોર તથા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા.




# DATE:-08/01/2023(શૈક્ષણીક પ્રવાસ)

શિયાળો એટલે પ્રાકૃતિક અને સાંસ્કૃતિક એવા સ્થળોને નિહારી તેમણે આનંદ માણવાનો સમય, તેથી અત્રેની કોલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું.

વર્તમાન સમયમાં વિશ્વમાં જે મહોત્સવની ચર્ચા છે તેવા પ્રમુખસ્વામી મહારાજ નગર તથા અમદાવાદનું ફ્લાવર શો નિહાળવા શૈક્ષણિક પ્રવાસ નું આયોજન થયું.

ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબએ આ શૈક્ષણિક પ્રવાસમાં coordinator તરીકેની ભૂમિકા ભજવી.

ગુજરાતી વિભાગ ઉપરાંત કોલેજના બધા જ વિભાગના વિદ્યાર્થીઓએ આ શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લીધો.

આ પ્રવાસ માં 125 જેટલા વિદ્યાર્થીઓ એ અમદાવાદનો ફ્લાવર શો તથા પ્રમુખસ્વામી મહારાજ નગરને આનંદથી નિહાળીઓ અને માણ્યો.








આઈ શ્રી ખોડીયાર
IQAC
સંતરામપુર
તા. સંતરામપુર, જિ. મહીસાગર.





# DATE:-12/01/2023

# (યુવા દિવસ ની ઉજવણી)

**12** જાન્યુઆરી એટલે કે યુવાઓના નેતા એવા સ્વામીવિવેકાનંદની જન્મજયંતી કે જેને સમગ્રદેશમાં યુવાદિવસ તરીકે ઉજવવામાં આવે છે .તેથી અત્રેની કોલેજમાં ગુજરાતીવિભાગ અને વિવેકાનંદકેન્દ્ર કન્યાકુમારીદ્વારા યુવાદિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં સ્વામીવિવેકાનંદની પુષ્પાંજલિ કાર્યક્રમયોજવામાં આવ્યો તથા વિવેકાનંદકેન્દ્ર વડોદરાવિભાગ માં સેવારત એવા કેતનભાઈપટેલ એ યુવાદિવસ પર સ્વામીજી ના વિચારો અને યુવાનોનું માર્ગદર્શન કર્યું. ગુજરાતીવિભાગ ના વિદ્યાર્થી તથા **NSS** ના વોલેન્ટિયર એવા ડામોરરાઘવભાઈ એ સમગ્રકાર્યક્રમ નું સંચાલન કર્યું.












આયુ આ દિવસમાં કુલ 300 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ સ્વામી વિવેકાનંદને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# DATE:-23/01/2023(કવી સંમેલન)

- આજરોજ લુણાવાડાની P.N.Pandya  કોલેજમાં કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં આપની આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના ગુજરાતી વિભાગ ના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ, પ્રોફેસર નીતિન પંડ્યા, અંગ્રેજી વિભાગના ડૉ .માનિની ગૌતમ તથા ગુજરાતી વિભાગના અને ઈતિહાસ વિભાગના એમ કુલ 14 વિદ્યાર્થીઓએ ઉપસ્થિતિ આપી.
- આ કવિસંમેલન માં ગુજરાતીસાહિત્યના ઉત્તમ ગણાતા કવિશ્રીઓ રાજેન્દ્રશુક્લ, વિનોદજોશી, રાજેન્દ્ર વ્યાસ, કૃષ્ણ દવે, પ્રવિણ દરજી, કાનજી પટેલ,ગાયત્રી ભટ્ટ,વર્ષા પ્રજાપતિ વગેરે કવિઓ ની ઉપસ્થિતિ થી આ કાર્યક્રમ શોભાયમાન બન્યો.



- કાર્યક્રમની થીમ પ્રથમપૂજ્યાની લાજો રાખજો એવી રાખવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી તથા આદિવાસી વિસ્તારના કવિશ્રી જયંત પાઠકનો કાવ્ય 'થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં' કાવ્ય વડે કરવામાં આવી હતી.
- કવિશ્રી કૃષ્ણદવેએ યુવાનોને ગમતીરુચિમાં પોતાની કવિતાઓ તથા ગીતો રજૂ કર્યા. તથાપ્રવીણદરજીએશાંતઅનેગંભીરરસદ્વારાકાવ્યમાંઅછાંદસકવિતાવિશેવાતકરી.
- સ્વર્ગસ્થ કવિ ઋષભ મહેતાની કવિતાઓ રજૂ કરવા માટે તેમની પત્ની વર્ષા પ્રજાપતિના કોકીલ કંઠ દ્વારા તેમને સુંદર કવિતાઓનું ગાન થયું અને યુવાનોને આકર્ષિત કર્યા. સાથો સાથ રાજેશવ્યાસ મિસ્કીનએ તેમના સુંદર ગીતો રજૂ કર્યા.
- રાજેન્દ્ર શુક્લ તેમની અનોખી કવિતાઓ તથા ગુડ તત્વ વિશે સમજાવતા આધ્યાત્મલક્ષી કવિતાઓ રજૂ કરી.
- અંતે આભાર વિધિ બાદ ગુજરાતી વિભાગ દ્વારા કવિશ્રીઓ સાથે વાર્તાલાપ તથા ગ્રુપ ફોટો પાડવામાં આવ્યો. તથા સૌ હળવો નાસ્તો કરી છૂટા પડ્યા.



# DATE:-28/01/2023(રાજેન્દ્ર શાહ જન્મ જયંતી)

આજરોજ અત્રેની કોલેજમાં ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ પ્રદાન કરનાર એવા આધુનિક કવિ રાજેન્દ્ર શાહ ની જન્મ જયંતી ઉજવવામાં અવી. ગુજરાતી વિભાગના પ્રોફેસર નીતિન પંડ્યા દ્વારા કવિ શ્રી રાજેન્દ્ર શાહ વિશે તથા આધુનિક અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિશે માહિતી આપી. તથા તેમનું ગીત ‘ઉંમરે ઊભી સાંભળું રે બોલ વાલમના’ સરસ કંઠથી ગાય સંભળાવ્યું. તથા વિદ્યાર્થીઓએ આ ગીતને સાહેબ સાથે ગઈ ને રાજેન્દ્ર શાહને બિરદાવ્યા.











# DATE:- 30/01/2023(ગાંધી નિર્વાણ દિન)

આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા ભારતના રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીના  નિર્વાણ દિવસ મનાવવામાં આવ્યો. તેમજ પ્રોફેસર નીતિન પંડ્યા અને ડોક્ટર શંકર પ્રજાપતિ દ્વારા ગાંધીજીના જીવન અને સાહિત્ય ક્ષેત્રે તેમને આપેલી અજોડ આત્મકથા 'સત્યના પ્રયોગો' વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી. તથા રાષ્ટ્રપતિ તેમની દેશભક્તિ અને તેમના નિર્માણ ચારિત્ર અને વિચારોને યાદ કર્યા. અને વિદ્યાર્થીઓ ને ગાંધીજીના જેવું ચારિત્ર તથા વિચારો કેળવવા માટે વિદ્યાર્થીઓને સંકલ્પબદ્ધ કર્યા.





બડવા
ેવામાં
તમામ
કે કેમ
ી ને.?
હોય
ો કરી
ર અને
ીઓ
ા હોય
રવામાં
ાવે છે
જવણી
ં આવે
વવામાં
અલગ
ભોજન
ા સાથે
છુટ્ટા ૫
ાણીયા
ા ઈંદ,
(ગામ
ડવાનો
ા તથા
કેનામાં

# સંતરામપુર કોલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા 'ગાંધી નિર્વાણ દિન' નિમીત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો






**મનોમંથન મહીસાગર**
આદિવાસી આર્ટ્સ અને કોમર્સ
જ, સંતરામપુરમાં 'ગાંધી નિર્વાણ
' નિમિત્તે ગુજરાતી વિભાગ દ્વારા
ંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ.
ં ડો. આઈ. એલ. રાઠવા, ડો.
ની ગૌતમ અને શ્રી દિલીપ
ડીયા ઉપસ્થિત રહયાં હતા. જેમાં
સ્થિત તમામ વક્તાઓએ ગાંધીના
ન અને તેમના વિશેષ પ્રદાનની
યશગાથા વર્ણવી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યાં હતાં. ગાંધીજીના જીવનમાંથી સત્ય અને અહિંસા જેવા મૂલ્યો પ્રાપ્ત કરવાની પ્રેરણા પ્રાપ્ત કરી હતી. અંતે વૈષ્ણવજન ભજન સાથે વાતાવરણ સંગીતમય બન્યું હતું. અંતે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અપ'ણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન પ્રા. નીતિન પંડ્યાએ કર્યું હતું...



## DATE:-21 FEBRUARY 2023

# (મળી માતૃભાષા મને ગુજરાતી)

- આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા મળીમાતૃભાષા મને ગુજરાતીનો કાર્યક્રમયોજવામાં આવ્યો.
- માતૃભાષા એ કોઈપણ પ્રદેશના બાળક ની પ્રથમ ભાષા અને પ્રાથમિકભાષા છે તેથી જ માતૃભાષા દિવસપર પોતાની માતૃભાષા ગુજરાતી વિશે બહુમાન માણ્યું.
- માતૃભાષા દિવસ પર ગુજરાતીભાષાના પદ્મશ્રીથી સન્માનિત એવા ડોક્ટર પ્રવીણદરજી એ માતૃભાષા ગુજરાતી વિશે બહુમાન ગાયું. અને ગુજરાતીભાષા પ્રત્યેતેમનો પ્રેમ,ભાવ, અને વ્યક્ત કર્યો.
- આજરોજ જ જમાતૃભાષા દિવસ પર ડોક્ટર માલિની ગૌતમ માતૃભાષા હિન્દી વિષય પર હિન્દી માતૃભાષા વિશે, તથા હિન્દી ભાષા નું બહુમાન ને વ્યકત કર્યું.




A.D.I./A/C-
OPPO F11 Pro




IQAC
ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર અને
ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે
વિશ્વ માતૃભાષા દિવસોત્સવ IQAC અંતર્ગત ગુજરાતી વિભાગ
તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩, મંગળવાર – સમયઃ સવારે ૧૦.૦૦ કલાકે.
"મળી માતૃભાષા મને ગુજરાતી"
વક્તા
પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી
(સર્જક – વિવેચક)
ઉમાશંકર જોશી
ડૉ. પ્રવીણ દરજી
સ્થળઃ કોલેજ સેમિનાર હોલ.
પ્રા. દેવરાજ નંદા
(IQAC કો. ઓર્ડિનેટર)
ડૉ. કામિની દશોરા
(IQAC કો.કો. ઓર્ડિનેટર)
ડૉ. અભય પરમાર (પ્રિન્સિપાલ)
શ્રી જગદીશ ત્રિવેદી (દાતાશ્રી)
ડૉ. સમીર ભટ્ટ (મહામંત્રીશ્રી)
પ્રા.ડૉ. શંકરભાઈ વી. પ્રજાપતિ
(અધ્યક્ષઃ ગુજરાતી વિભાગ)
પ્રા. નીતિન ડી. પંડ્યા
(અધ્યાપકઃ ગુજરાતી વિભાગ)
Dilip Art


"મળી માતૃભાષા મને ગુજરાતી"



## DATE:-28/02/2023

# (ગુજરાતીવિભાગ દ્વારા લાઈબ્રેરી મુલાકાત)

આજરોજ અત્રેની કોલેજમાં ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયના કવિઓ તથા તેમની કૃતિઓ અને અભ્યાસક્રમમાં આવેલ પુસ્તકો વિશે વિદ્યાર્થીઓને જણાવવા માટે લાઈબ્રેરીમાં મુલાકાત લીધી.

ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડોક્ટર શંકર પ્રજાપતિ તથા પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને લાઈબ્રેરીમાં ગુજરાતી વિભાગ તથા પુસ્તકોની ગોઠવણી વિશે માહિતી આપવામાં આવી.

આપણે કોલેજના ગ્રંથપાલ દિવ્યાબેન દરજી દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતી સહીત્ય માં નવલકથા, નાટક , ટૂંકી





વાર્તા,કવિતા, વિવેચન સમીક્ષા તથા લોક સાહિત્ય ના વિભાગ દર્શાવી તેમના વિશે માહિતી આપવામાં આવી.


શ્રેષ્ઠ મિત્ર છે.








2> વિષયવાર પુસ્તકોની ગોઠવણી
3> સંદર્ભબુકની વ્યવસ્થા
5> સામયિકોનો પરિચય
6> કોમ્પ્યુટરનો ઉપયોગ (OPAC)

# DATE:- 24/03/2023(યુનિટ ટેસ્ટ)

**આજરોજ ગુજરાતી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી, તથા પોતાના વિષય અને અભ્યાસમાં પુનરાવર્તન માટે S.Y.B.AT તથા T.Y.B.A ના વિદ્યાર્થીઓ નો યુનિટ ટેસ્ટ લેવામાં આવ્યો. જેમાં સૌ વિદ્યાર્થીઓએ ઉતીર્ણ પ્રદશન કર્યું.**












# DATE:-03/03/2023(હોળી ઊત્સવ)

આજરોજ ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા હોળી ઉત્સવ ઉજવવામાં આવ્યો. કોલેજનો વાર્ષિક ઉત્સવ બાદ T.Y.B.A તથા S.Y.B.A ના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના પ્રિય અધ્યાપકો પર વિવિધ રંગો છાંટી હોળીના પાવન પર્વની ઉજવણી કરી. વિદ્યાર્થીનો ઉત્સાહ,પ્રેમ અને રંગોથી સમગ્ર કૉલેજ કેમ્પસ વિવિધ રંગોથી છવાઈ ગયું હતું.








# DATE:-26/03/2023

# (નર્સિંગપુર NSS કેમ્પસમાપનડો.પ્રવીણદરજી)

અજરોજ નરસિંગપુર ખાતે NSS કેમપ ના સમાપન માં ગુજરાતી સાહિત્યના આધુનિક કવિ તથા પદ્મશ્રી એવા ડૉ.પ્રવીણ દરજી ની ગુજરાતી વિભાગ એ મુલાકાત લીધી.

ડોક્ટર પ્રવીણ દરજી સમાપન સમારોહમાં ગુજરાતીભાષા વિશે તથા આ પ્રદેશ વિશે પોતાનો અનુરાગ તથા પ્રેમ વ્યક્ત કર્યો. પદ્મશ્રી એવા પ્રવીણ દરજી નો નરસિંગપુર પ્રાથમિક શાળા તથા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા અભિવાદન કર્યુ. તથા વિદ્યાર્થીઓને ઈનામો તથા પ્રમાણ પત્ર પ્રવીણ દરજી ના હાથે આપવામાં આવ્યા.

આ સમાપન કાર્યક્રમ નું સમગ્ર સંચાલન પ્રોફેસર નીતિન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું.






UT YOU






N.S.S.
UT YOU